સ્ટેપીંગ અપ મંજુર કરવા અંગેની
વિચારણા અર્થે સમિતિની રચના
કરવા બાબત બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૧૪-યુ.ઓ.૫૧૮-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૭/૯/૨૦૧૪

વંચાણમાં લીધા: (૧) નાણા વિભાગનો તા. ૮/૫/૧૯૭૦ નો ઠરાવ ક્રમાંકઃ પીજીઆર-૨૪૭૦-૪૯૦-ચ
(૨) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૧

// ઠરાવ //

ઉપરોક્ત વંચાણમાં લીધેલ ઠરાવ ક્રમાંક (૧) તથા ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ની જોગવાઇ મુજબ જ્યારે કોઇ કર્મચારી/અધિકારીશ્રીને ઉપલી જગા ઉપર નિમવામાં આવતાં, તેની સમકક્ષ કે ઉપલી જગા ઉપર પાછળથી નિમણુંક આપી હોય તેવા નીચલી ગ્રેડમાં તેમના જુનિયર કર્મચારીના પગાર કરતા તેમનો તે સંવર્ગમાં પગાર ઓછો નક્કી થાય તો તેવા સિનિયર કર્મચારી/અધિકારીનો પગાર વધારીને તેમના જૂનિયર કર્મચારીને જે તારીખે ઉપલી જગા ઉપર બઢતી મળી હોય તે તારીખથી તેમનો પગાર, ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૨૧ તેમજ નાણા વિભાગના તા. ૮/૫/૧૯૭૦ ના ઠરાવની શરતો મુજબ જૂનિયરના નક્કી કરવામાં આવેલ પગાર બરાબર કરી આપવામાં આવે છે. આમ છતાં સેમી ડાયરેક્ટ પરીક્ષા તેમજ ઉચ્ચતર પગાર ધોરણની યોજના તેમજ કેટલાક અન્ય કારણોસર જૂનિયર કર્મચારી કરતાં સિનિયર કર્મચારીનો પગાર ઓછો નક્કી થાય ત્યારે, પગારમાં ઉદભવતી વિસંગતતા નિયમોનુસાર દૂર કરવાની

મુશ્કેલી ઉદભવે છે. જેના નિરાકરણ માટે નીચે જણાવેલ સભ્યશ્રીઓની બનેલ એક સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ

(૨) અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ

(૩) સંયુક્તસચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ

(૪) સંયુક્તસચિવશ્રી(સેવા), નાણા વિભાગ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઇલર)
સંયુક્ત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ/સર્વે કચેરીઓના વડાઓ.
સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ/એ.એન્ડ ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, સ.સ.ન.નિગમ લી. અમદાવાદ/ગાંધીનગર/વડોદરા
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
- સિસ્ટમ મેનેજર, નાણાં